| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૧૯/૦૮/૨૦૨૨ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪૭૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૩,૨૬,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## **નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૫૪,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## **છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૯/૨૦૨૨**

**સરખેજ**ઃ સિધ્ધાર્થ સ/ઓ મહેશભાઇ ટીબ્ડેવાલ (ઉ.વ.૩૯) (રહે. રીવેરા બ્લુજ કોર્પોરેટ રોડ મકરબા ક્રોસિંગ પાસે વોડાફોન હાઉસની નજીક મકરબા સરખેજ) એ તા.૧૮/૦૮/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૯ થી માહે ઓગસ્ટ/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મકરબા અલબુરૂઝ ફ્લેટના બેઝમેન્ટમા સનરાઇઝ એન્ટરપ્રાઇઝ દુકાન નંબર-૪ ખાતેથી આરોપી મોહીત વિજયકુમાર જૈન (રહે. ડી/૧૨ ઓર્ચીડ વાઇટ ફિલ્ડ મકરબા ફાટક પાસે મકરબા સરખેજ) એ સિધ્ધાર્થ તથા સાહેદોનો વિશ્વાસ કેળવી વેપારીક સબંધો બાંધી સિધ્ધાર્થ પાસેથી માલ-સામાન કિમત રૂપિયા ૧,૮૨,૪૭૧/- લઇ તેમજ અન્ય સાહેદો પાસેથી માલ-સામાન કુલ રૂપિયા ૯૧,૮૯,૫૫૪/- મેળવી લઈ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**સાયબર ક્રાઈમ**ઃ હસમુખભાઈ રમણભાઈ પટેલ (ઉ.વ.૪૨) (રહે. શ્રીધર ઉપવન માધવ ફાર્મ પાછળ દેવશ્ય સ્કુલ રોડ અમરનાથ વીલા બંગ્લોઝ સામે ઓઢવ) એ તા.૧૮/૦૮/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૧૯ ના રોજ મોબાઈલ નંબર ૮૮૦૦૩૮૫૬૨૫ ના ધારકે હસમુખભાઈ પટેલને ફોન કરી HOMESHOP18 કંપનીના અધિકારી તરીકેની ઓળખ આપી HOMESHOP18 ની ડીલરશીપ આપવાના બહાને હસમુખભાઈ પટેલ પાસેથી અલગ-અલગ ટ્રાન્જેકશન કરાવી તેઓના ખાતામાં રૂપિયા ૧૧,૭૭,૪૦૦/- જમા કરાવડાવી ડીલરશીપ નહી આપી તેમજ આપેલ નાણાં આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

**સોનાનું મંગળસુત્ર ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૦/૨૦૨૨**

**મણીનગરઃ** વર્ષાબહેન વા/ઓ ઉર્વીશભાઇ પટેલ (ઉ.વ.૪૪) (રહે. સિધ્ધનાથ એપાર્ટમેન્ટ વૈભવહોલ પાછળ ઘોડાસર ઇસનપુર) તા.૧૭/૦૮/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે મણીનગર દક્ષીણી સોસાયટી મેઘદુત સ્કુલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ વર્ષાબહેન પટેલના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ વર્ષાબહેન પટેલે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વિ.વિ.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૧/૨૦૨૨**

**બાપુનગરઃ** સ્નેહલ રમેશભાઇ રંગાણી (રહે. જલદીપ પાર્ક સોસાયટી ક્રિષ્ના ફલેટ સામે ખોડિયારનગર રોડ નિકોલ) એ તા.૧૮/૦૮/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર જયશ્રીનગર વિભાગ-૨ પાસે આવેલ સદભાવ મેડિકલ એન્ડ ઓર્થોપેડિક હોસ્પિટલના મેડિકલ ખાતે ડ્રોઅરનુ તાળું તોડી અજાણી વ્યક્તિ ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪,૯૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૨/૨૦૨૨**

**કાલુપુરઃ** કાંતિભાઇ હરીભાઇ પરમાર (ઉ.વ.૫૦) (રહે. સંત વિનોભાભાવેનગર સુખરામનગર રખિયાલ રોડ) તા.૧૮/૦૮/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા ઘી કાંટા પંચભાઇની પોળ કીકાભટ્ટની પોળ સામે કંટ્રકશનનુ કામ કરતા હતા ત્યારે ઉપરથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

**ટાંકીમા પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૩/૨૦૨૨**

**નારોલઃ** નારોલ પીપળજ ગામ પાણીની ટાંકી પાસે શક્તિનગર ખાતે રહેતા રાકેશ છત્રપાલ યાદવ નાઓની આઠ વર્ષની પુત્રી અનામિકાદેવી તા.૧૮/૦૮/૨૦૨૨ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા પાણીની ટાંકીમા પડી જતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.નાયકા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી